અનેક વિસ્તારો રોશનીથી ઝગમગશે

જિલ્લામાં નવરાત્રિના આયોજનોનો ધમધમાટ શરુ

મેદાન સાફ થયા, ડેકોરેશનની તૈયારીઓ દેખાઈ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૨

આસો નવરાત્રિના આયોજનનો ધમધમાટ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જોવા મળી રહ્યો છે. આયોજકોએ ગૃપ મીટીંગો યોજી ફંડ એકત્ર કર્યા છે અને સારા ગાયક વૃન્દોના બુકીંગ પછી નવરાત્રિ સ્થળોને સજાવવા માટેની કામગીરી છેલ્લા ૨ દિવસથી જોવા મળી છે. મેદાન સાફ થઈ રહ્યા છે અને ડેકોરેશનની તૈયારીઓ પણ પૂરજોશમાં જોવા મળી. નવરાત્રિના આયોજકો દ્વારા નવરાત્રિ તેમજ આસપાસના સ્થળોને રોશનીથી ઝગમગાવવાનો નિર્ણય લીધો છે.

કોરોનાના કહેર પછી ૨ વર્ષ બાદ નવરાત્રિનો મહોત્સવ ઉત્સાહ અને ઉમંગથી ઉજવવા માટે આયોજકો અને ખેલૈયાઓમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. તા.૨૬ સપ્ટેમ્બર થી નવલી નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. શુભ મૂહર્તમાં ઘટ સ્થાપન પછી રાસગરબાની સમી સાંજથી માંડી રાત્રિ સુધી રંગત જામશે. જિલ્લાના મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, વડાલી, પોશીના, વિજયનગર તેમજ તેના ગ્રામ્ય વિસ્તારોમાં નવરાત્રિના આયોજનો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થવાનો છે તેમાં ખ્યાતિ પ્રાપ્ત નવરાત્રિ સ્થળોએ વિશાળ હોર્ડીંગ્સ તેમજ રોશની લગાવવાની કામગીરી શરૂ થઈ છે. આ વર્ષે પ્રાઈવેટ પાર્ટી પ્લોટમાં પણ નવરાત્રિનાં ઝાઝરમાન આયોજન થયાની વિગતો જાણવા મળી છે. બાયડમાં સ્વામિનારાયણ સોસાયટી નવરાત્રિ સ્થળે પણ ભવ્ય આયોજન માટેની તડામાર તૈયારીઓ છેલ્લા ૩ દિવસથી શરુ કરવામાં આવી છે.

વરસાદની સંભાવનાને લઈને વોટરપ્રૂફ સ્ટેજ તૈયાર કરાયા

નવરાત્રિ દરમ્યાન વરસાદ વરસે તેવી આગાહી થઈ છે. જ્યારે હવામાન વિભાગે ચોમાસાની વિદાયના સંકેત આપ્યા છે છતાં નવરાત્રિમાં વરસાદ વિલન બને તો પણ ખેલૈયાઓ વરસતા વરસાદમાં રાસ-ગરબાની રમઝટ બોલાવે અને ગાયક વૃન્દોને વરસાદનું વિઘ્ન ન નડે તે માટે વોટરપ્રૂફ સ્ટેજ અનેક આયોજકો દ્વારા તૈયાર થયાનું પણ જાણવા મળ્યું છે.

જિલ્લામાં ગાંધી જયંતિથી ૮૯૮ સસ્તા અનાજના દુકાનદારોની ગાંધીગીરી

પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો વિતરણ વ્યવસ્થાથી અળગા રહેવાનો નિર્ણય : સોમવારે જિલ્લા મથકોએ આવેદન અપાશે

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૨

રાજ્ય સરકાર સામે છેલ્લા ઘણા સમયથી વિવિધ પ્રશ્નોને લઈ આંદોલનની વણઝાર ચાલી રહી છે ત્યારે ૨ વર્ષથી પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના સસ્તા અનાજના દુકાનદારો પણ આગામી ગાંધી ત્યંતિના દિવસથી ગાંધીગીરી કરનાર હોવાનું જાણવા મળ્યું છે. સરકારને જગાડવા માટે સોમવારે જિલ્લા મથકોએ ફેરપ્રાઈઝ શોપ એસોસીએશન દ્વારા આવેદનપત્ર આપી વિતરણ વ્યવસ્થાથી દૂર રહેવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. સસ્તા અનાજના દુકાનદારોના પ્રશ્નમાં બંને જિલ્લાના કુલ-૮૯૮ દુકાનદારોએ પણ વિતરણ વ્યવસ્થાથી અળગા રહેવાના નિર્ણયને સમર્થન આપ્યું છે.

જિલ્લામાં ૮૯૮ સસ્તા અનાજના દુકાનદારો આગામી તા.૨ ઓક્ટોબરથી પડતર પ્રશ્નોના ઉકેલ મુદ્દે વિતરણ વ્યવસ્થાથી અળગા રહેવાના હોવાથી સરકારી સસ્તા અનાજ ઉપર નભતા પરિવારોને અચોક્કસ મુદતની ગાંધીગીરીથી ગંભીર અસર થવાની દહેશત છે. રાજ્યમાં વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓએ પોતાના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે આંદોલનનો જંગ છેડડ્યો છે ત્યારે હવે રાજ્યના સસ્તા અનાજના દુકાનદારોએ પણ આંદોલનના માહોલમાં સરકારનું નાક દબાવવાનો પ્રયાસ કર્યો છે. તા.૨ ઓક્ટોબરથી જિલ્લાની સરકારી સસ્તા અનાજની દુકાનોના સંચાલકો રાજ્ય મંડળના આદેશ અનુસાર અચોક્કસ મુદતથી વિતરણ વ્યવસ્થાથી દૂર રહેવાનો નિર્ણય કરીને બેઠા છે. જેમાં સોમવારે જિલ્લા મથકોએ આવેદનપત્ર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવા છતાં પડતર પ્રશ્નો અને દુકાનદારોને પડતી મુશ્કેલીઓનો કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી જેથી બે-અઢી વર્ષથી ઉકેલની રાહ જોતા દુકાનદારોને હવે ધીરજ ખૂટી છે. સરકાર દ્વારા તાત્કાલિક અસરથી સસ્તા અનાજના દુકાનદારોના પ્રશ્નોનો કોઈ ઉકેલ લાવવામાં નહીં આવે તો તા.૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદત સુધી દુકાનદારો જાહેર વિતરણથી અળગા રહેનાર હોવાનું જાણવા મળ્યું છે. સસ્તા અનાજના દુકાનદારોના આ નિર્ણયથી જો અચોક્કસ મુદત સુધી વિતરણ. વ્યવસ્થા બંધ રહેશે તો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને મુશ્કેલીમાં મૂકાવવાનો વારો આવી શકે છે.

જિલ્લામાં સસ્તા અનાજની દુકાન

જિલ્લો	દુકાન સંખ્યા
સાબરકાંઠા	૫૨
અરવલ્લી	૩૯

સોમવારે આવેદનપત્ર અપાશે - ફેરપ્રાઈઝ શોપ એસોસીએશન

અરવલ્લી જિલ્લા ફેરપ્રાઈઝ શોપ એસોસીએશનના પ્રમુખ વાડીલાલ પટેલે જણાવ્યું હતું કે અગાઉ એસોસીએશન દ્વારા સરકારને પડતર પ્રશ્નો તેમજ મુશ્કેલીઓ અંગે રજૂઆત કરવામાં આવેલી છે પરંતુ તેમાં કોઈ ઉકેલ આવ્યો નથી જેથી રાજ્ય મંડળના આદેશ અનુસાર સોમવારે જિલ્લા મથકોએ આવેદનપત્ર આપવામાં આવશે. સરકાર તેનો કોઈ ઉકેલ નહીં લાવે તો આગામી ૨ ઓક્ટોબરથી તમામ સસ્તા અનાજના દુકાનદારો વિતરણ વ્યવસ્થાથી એડઘા થઈ જશે.

નવરાત્રિ દરમ્યાન બમ્પર આવકની ધારણા હિંમતનગર માર્કેટયાર્ડમાં ૭૨૫ બોરી નવી મગફળીની આવક

૧૦૨૦થી ૧૫૭૫નો ભાવ મળ્યો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૨

હિંમતનગર માર્કેટયાર્ડમાં હવે ખેતપેદાશની આવક શરુ થઈ છે. બુધવારે ૭૫ બોરી નવી મગફળીની આવક નોંધાઈ છે. નવરાત્રિ દરમ્યાન જિલ્લાના યાર્ડો બમ્પર આવકથી ઉભરાઈ જશે. ખેડૂતોને ૨૦ કીલોગ્રામ મગફળીનો ભાવ રુ ૧૦૧૦ થી ૧૫૭૫ ગુણવત્તા પ્રમાણે મળ્યાનું વેપારીઓએ જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે જિલ્લામાં વરસાદની સતત હાજરીથી મગફળી સહિત કપાસના પાકને રોગચાળાના કારણે નુક્સાનની શરુઆત થઈ છે. જ્યારે આગામી બે દિવસ દરમ્યાન હળવા વરસાદની આગાહી કરાતાં ખેડૂતોએ મગફળીમાં રોગચાળો ન વકરે તે માટે મગફળી કાઢવાનું શરુ કર્યું છે. જિલ્લાના ૧૩ યાર્ડ અને તેના સબયાર્ડમાં નવી મગફળીની આવક શરુ થઈ છે. ત્યારે સાબરકાંઠાના પાટનગર હિંમતનગરના માર્કેટયાર્ડમાં દરરોજ હવે ખેતપેદાશની આવકમાં વધારો થતાં યાર્ડને શેષ ફી ની આવકમાં પણ વધારો થઈ રહ્યો છે. યાર્ડના સૂત્રોએ જણાવ્યું કે તા.૨૧ના રોજ મગફળીની ૭૨૫ બોરીની આવક નોંધાઈ છે અને ખેડૂતોને મગફળીની ગુણવત્તા પ્રમાણે રુ ૧૦૧૦ થી ૧૫૫નો ભાવ મળ્યો છે તેમ છતાં દશેરા આસપાસ બજારોમાં મબલખ પ્રમાણમાં મગફળીનો જથ્થો ઠલવાશે તેવી ધારણા બાંધવામાં આવી છે.

તલોદ હરસોલા વણિક સમાજ ની એક સામાન્ય સભા મળી હતી જેમાં નવીન હોદેદારો ની નિમણુક કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે રમેશ કુમાર છનાલાલ શાહ ઉપપ્રમુખ તરીકે રાકેશ કુમાર જયંતીલાલ શાહ મંત્રી તરીકે હીરેન પોપટલાલ શાહ સહમંત્રી તરીકે વિજય કુમાર નટવરલાલ શાહ ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. તેઓની નિમણૂક ને તલોદ શ્રીનાથજી હવેલી ટ્રસ્ટ ના પ્રમુખ કિરીટભાઈ શાહ, મંત્રી બીપીનભાઈ શાહ,સ્થાપક પ્રમુખ મહેશ ભાઈ ગાંધી , તલોદ શહેર ભાજપ મહિલા મોરચા ના પ્રમુખ શ્રીમતી રચના ગાંધી એ આવકારી અભિનંદન પાઠવ્યા હતા

આમ આદમી પાર્ટીના પ્રચાર અર્થે દિલ્હીના ડેપ્યુટી સી.એમ.મનીષ સિસોદીયાએ જાહેર સભા યોજી

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આમ આદમી પાર્ટી ના પ્રચાર અર્થે દિલ્હી ના નાયબ મુખ્ય મંત્રી સિસોદીયાએ હિંમતનગર-તલોદ બાદ રાત્રીના પ્રાંતિજ ખાતે જાહેર સભા સંબોધી હતી

વિધાનસભાની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે ત્યારે ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ચુંટણી ઝુંબેશ ની તડામાર તૈયારીઓ થઈ ગઈ છે ત્યારે આમ આદમી પાર્ટીએ પણ ચુંટણી પ્રચાર ની શરૂઆત કરી દીધી છે અને દિલ્હી-પંજાબ બાદ ગુજરાત મા પણ પગ પેસારો થાય તેવા હેતુથી આમઆદમી પાર્ટી કામે લાગી ગઇ હોય તેમ લાગે છે ત્યારે દિલ્હી ના ડેપ્યુટી સી.એમ મનીષસિસોદીયા પ્રચાર પ્રસાર અર્થે ગુજરાત મા આવેલ અને હિંમતનગર-તલોદ બાદ રાત્રીના પ્રાંતિજ ખાતે જાહેર સભા સંબોધી હતી તો તેવો નીસાથે સ્ટાર પ્રચારક ઈશુદાન ગઢવી પણ ઉપસ્થિત રહીને સભા સંબોધન કરતા ભાજપ ઉપર પ્રહારો કર્યા હતા અને તેવોએ જણાવ્યુ કે ગુજરાત મા પ્રવર્તમાન અસહ્ય મોંઘવારી અને ભારતીય જનતા પાર્ટી બેલગામ વહીવટ નો અંત આણી ને પરિવર્તન લાવવાનો સમય પાકી ગયો છે તો મનીષસિસોદીયાએ જણાવ્યુ હતુ કે આમ આદમી ની સરકાર બનશે તો ગુજરાત મા મફત શિક્ષણ , મફત વીજળી તેમજ મહિલાઓ ના ખાતાઓ મા દર મહિને રૂા ૧ હજાર તેમજ બેરોજગાર યુવાનોના ખાતામા રૂા ૩ હજાર નાખીશુ ૧૦ લાખ બેરોજગાર યુવાનોને નોકરી આપીશુ અને લોકો ને આપની સરકાર બનાવવા વિનંતી કરી હતી તો અલ્પેશ પટેલ ,નિખીલ પટેલ વગેરેએ જાહેર સભાના આયોજન મા સહયોગ આપ્યો હતો.

ભિલોડા તાલુકાના ચિબોડા - ખુમાપુર હાઈસ્કૂલનું ગૌરવ વિધાર્થીનીએ વધાર્યું

ભિલોડા,તા.૨૨

અરવલ્લી જિલ્લામાં ઉ.મા. શાળા યુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં શ્રીમતી બી.જે.તન્ના વિદ્યાલય ચિબોડા - ખુમાપુર,તા.ભિલોડાની વિદ્યાર્થીનીએ (ભરત નાટ્યમ વિભાગ / અ) કુસુમ શિવરામભાઈ મેણાતએ પ્રથમ નંબર મેળવીને ભિલોડા તાલુકાનું અને હાઈસ્કૂલનું ગૌરવ વધારેલ છે.વિધાર્થીનીને બિરદાવી સાથે ઝોન કક્ષાએ ખૂબ ઉત્કૃષ્ઠ રીતે સારો દેખાવ કરે,અરવલ્લી જિલ્લાનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી હતી.ચિબોડા - ખુમાપુર હાઈસ્કૂલના આચાર્ય એન. ડી. પટેલ, શાળા સંચાલક,મંડળ, સંસ્થાના પ્રમુખ,સ્ટાફ પરીવારે વિધાર્થીનીને બિરદાવી હતી.

હે માનવી તું આટલો બધો સ્વાર્થી કેમ : હવે હદ થઇ રહી છે....

લંમ્પી વાયરસગ્રસ્ત ગાયને પશુપાલકો જંગલમાં રઝળતી મૂકી રહ્યા છે...!!

મોટા કોટડા ફોરેસ્ટમાં બહારના પશુપાલકો લંમ્પી રોગથી પીડાતી ગાયો વાહનમાં ભરી ઉતારી ફરાર થઇ રહ્યા છે : પશુપાલકોની બેદરકારી થી અન્ય પશુઓ સહીત વન્ય પ્રાણીઓ લંમ્પી વાયરસનો ભોગ બને તો નવાઈ નહીં

મોડાસા, તા. ૨૨

ગુજરાત સહીત અન્ય રાજ્યોમાં ગાયોમાં લંમ્પી વાયરસનો કહેર ચાલી રહ્યો છે અનેક લંમ્પી ગ્રસ્ત ગાય મોતના મુખમાં ધકેલાઈ રહી છે કેટલાક પશુપાલકો લંમ્પીથી પીડાતી ગાયોને નધણિયાત હાલતમાં રખડતી છોડી મુકતા ગયોના ટપોટપ મોત નીપજી રહ્યા છે ઈડર તાલુકાના મોટા કોટડા ગામમાં ખેડ - તસિયા રોડ મોટા કોટડાની હદમાં ફોરેસ્ટ એરિયામાં અવાર - નવાર દૂધ ન દેતી ગાયો, લંપીના રોગવાળી ગાયો તેમજ સાંઢ ઉતારી જવના અવાર- નવાર બનાવોથી મોટા કોટડા ના ખેડૂતો પરેશાની ભોગવે છે. ફાજલ ઢોરને વારંવાર મોટા કોટડાના ગ્રામજનો ફાળો એકઠો કરી વર્ષેમાં બે- ત્રણ વખત ઈડર પાંજળાપોળ માં મુકવાની ફરજ પડે છે. ઉભા પાકને રાત્રીના સમયે ભેરાણ થાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર,હિંમતનગર તાલુકાના કરણપુર ગામના જસવંતસિંહ પરમાર,યાકુંદરાજ પટેલ અને ગામના વ્યક્તિઓએ આ ફોરેસ્ટમાં ટેમ્પોમાં ચાર ગાયો લંમ્પીના રોગથી પીડાતી હતી તે ગાયો ટેમ્પામાંથી ઉતારીને

ભાગવા જતાં ટેમ્પાનો નંબર ગામના અમરભાઈ રઘજીભાઈ પટેલએ મોબાઈલ થી ફોટો પાડી દીધો જે ટેમ્પોનો નંબર. ૨.જ.ે૧. ક્રે. ૫૭૩૪ હતો.માલીકનો કોન્ટેક કરતા હા - ના કરતા અંતે વાત સ્વિકારી અને મોટા કોટડા બોલાવી આ ઉતારેલ ચાર ગાયો પરત ટેમ્પામાં ભરીને મોકલી આપી હતી.

આ વિસ્તારમાં આજુ-બાજુના ગામોમાંથી આવા ફાલતુ ઢોર દૂધ ન આપતા હોય તેવા પશુઓને વારંવાર ફોરેસ્ટમાં છોડી મુકવાનો સિલસિલો જોવા મળે છે.વન વિભાગ અને અન્ય ખાતાકીય કડકાઈ કરી આવા ત્રાસથી ખેડૂતોને મુક્ત કરવાની તાતી જરૂરિયાત છે તેમ મોટા કોટડા ગામના સરપંચ કોકીલાબેન જગુભાઈ પટેલે જણાવ્યું છે.

પ્રાંતિજમાં નાસ્તો કરવા ગયેલ ખેડૂત ની બે લાખ દશ હજાર ભરેલ બેગ ટાબરિયો લઈ રફુચક્કર

પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે રહેતા રાઠોડ ઈશ્વરભાઈ કાળુસિંહ કે જેવો ખેતી કરે છે અને તેવો તા.૨૧૯૨૦૨૨ ને બુધવાર ના રોજ પ્રાંતિજ ખાતે આવેલ સાબરકાંઠા બેંક તથા એચ.ડી.એફસી બેંક માંથી પૈસા ઉપાડી ને પ્રાંતિજ ખાતે આવેલ બેંક ઓફ બરોડા ખાતે પૈસા ભરવા ગયા હતા પણ પાનકાર્ડ ના હોય જેને લઈ ને બેંક કર્મચારી દ્વારા માત્ર ૪૯,૦૦૦ ભરાશે તેવુ કહેતા તેવો પાનકાર્ડ ના હોય બેંક માંથી નિકળી ગયા હતા અને પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન પાસે આવેલ બાબાસાહેબ આંબેડકર શોપીંગ મા આવેલ ટીનુ નાસ્તા હાઉસ મા પૈસા ભરેલ બેગ લઈ ને નાસ્તો કરવા ગયા હતા અને ત્યા તેવો પોતાની પૈસા ભરેલ બેગ પાસે મુકીને નાસ્તો કરતા હતા તે દરમ્યાન એક ટાબરિયો નાસ્તા હાઉસ મા આવી બે લાખ દશ હજાર ભરેલ બેગ લઈ ભાગી ગયો હતો તો ટાબરિયા પાસે એક યુવક પણ હતો ત્યારે તેવોને ખબર પડતા બુમાબુમ થતા તે પહેલાજ જોતજોતામાંજ એક ટાબરિયો અને એક યુવક બે લાખ દશ હજાર ભરેલ બેગ લઈ ને રફુચક્કર થઈ ગયા હતા તો ખેડૂત દ્વારા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ ને કરતા પ્રાંતિજ પોલીસ તાત્કાલિક દિપસિંહ સહિત પોલીસ કર્મીઓ દોડી આવ્યા હતા અને ટીનુ નાસ્તા હાઉસ મા લાગેલ સીસીટીવી ફૂટેજ તથા પાસે આવેલ પોલીસ ચોકી ના ફુટેજ સામે આવેલ મીરા એસ હોટલ તથા બેંક મા લાગેલ સીસીટીવી ફૂટેજ ના આધારે બેગ લઈ ને ભાગેલ ટાબરિયો તથા તેની સાથે રહેલ યુવક ની શોધખોળ હાથ ધરી હતી

ઓસ્કરમાં ગુજરાતી 'છેલ્લો શો' નોમિનેટ: ફિલ્મનું કનેક્શન અરવલ્લી સાથે વાંચો...

ઓસ્કર એવોર્ડ મેળવવો અને ફિલ્મજગત સાથે સંકળાયેલી દરેક વ્યક્તિનું ડ્રિમ હોય છે અમરેલીના અને હાલ પેરિસમાં રહેતા ફિલ્મમેકર પાન નલીની (પંડ્યા) ગુજરાતી કમિંગ ઓફ એજ ફિલ્મ 'લાસ્ટ ફિલ્મ શૉ' (છેલ્લો શૉ)ને ઓસ્કર અવૉર્ડ્સ માટે ભારતની ઑફિશિયલ એન્ટ્રી તરીકે પસંદગી કરવામાં આવી છે.છેલ્લો શો ફિલ્મે એસ. રાજામૌલિની **'RRR'** અને વિવેક અગ્નિહોત્રીની 'ધ કાશ્મીરઈલ્સ'ને પણ પાછળ છોડી દીધી છે 'ઓસ્કર અવૉર્ડ્સ'માં ભારતનું પ્રતિનિધિત્વ કરશે અને 'બેસ્ટ ઈન્ટરનેશનલ ફિલ્મ'ની કેટેગરીમાં વિશ્વભરની ફિલ્મોને ટક્કર આપશે. દેશવાસીઓએ ૧૪ ઓક્ટોબરે સુધી રાહ જોવી પડશે દેશમાં આ 'છેલ્લો શૉ' ફિલ્મ રિલીઝ થશે. અરવલ્લી જીલ્લામાં અનેક બહુમુખી પ્રતિભાઓ છુપાયેલી છે ઓસ્કાર ૨૦૨૩ માટે નોમિનેટ થયેલ ફિલ્મ છેલ્લો શો નું ધનસુરા કનેક્શન વિશ્વ વિખ્યાત ફિલ્મ મેકર પાન નલિન ની ગુજરાતી ફિલ્મ " છેલ્લો શો" ફિલ્મ ફેડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા ૨૦૨૩ ની ભારત ની ઓસ્કાર એન્ટ્રી તરીકે સિલેક્ટ કરવામાં આવી છે.આ ફિલ્મ નાં નિર્માણ માં અરવલ્લી જિલ્લાના ધનસુરા નાં કેયુ શાહ પાયા થી જોડાયેલા રહ્યા હતાં. કેયુ શાહ એ આ ફિલ્મ ના સંવાદો ના અનુવાદ તેમજ સ્ક્રિપ્ટ સુપરવાઈઝર ની જવાબદારી સંભાળી હતી.કેયુ શાહ ની આ કામગીરી ને સહુએ બિરદાવી અભિનંદન આપ્યા હતા.

બનાસકાંઠામાંબુટલેગરોને ડમી સિમ કાર્ડ વેચનાર ધાનેરાના બે શખ્સો ઝબ્બે

બનાસકાંઠા જિલ્લા માં બુટલેગરો સહિત અનેક લોકોને જિયો કંપનીના ડમી કાર્ડ પધરાવનાર ધાનેરા ને બે ઈસમોને એલસીબી પોલીસની ટીમેં ઝડપી પાડયા છે જોકે છાપી પોલીસ મથકે નોંધાયેલા દારૂ ના ગુનામાં બુટલેગરોના મોબાઈલ નંબરની તપાસ કરતા ડમી કાર્ડનો પર્દાફાશ થયો હતો.વડગામ તાલુકાના છાપી પોલીસ મથકે ગત માર્ચ ૨૦૨૨ મા પ્રોહીબિશનનો ગુનો દાખલ થયો હતો જેમાં આરોપી બુટલેગરોના મોબાઈલ નંબર ની તપાસ કરતા આ મોબાઈલ નંબર અન્ય વ્યક્તિના નામે ચાલતા હોઈ હોઈ પોલીસે બનાવની ગંભીરતા ને ધ્યાને લઈ ડમી કાર્ડ ની દિશામા તપાસ કરતા ધાનેરા ના સુભાષ ચોક માં રહેતા કીર્તિ બાબુભાઈ રાઠોડ અને ધાનેરાના સાંકડ ગામનો પ્રકાશ પૂંજાભાઈ પારગીએ જિયો કંપનીના લોકોના રદ કરવાનાં સિમ કાર્ડ બુટલેગરો સહિત ડીસા પંથકમાં લોકોને પધરાવ્યા હોવાનું બહાર આવતા આયા બન્ને આરોપી સામે છેતરપીંડી નો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો જે ગુનામાં પોલીસ પકડ થી બચવા નાસતા ફરતા બન્ને આરોપીને એલસીબી પોલીસે ધાનેરા નજીક થી ઝડપી પાડયા હતા જોકે આ આરોપી ઓની વધુ પૂછતાછ થાય તો તેમને કેટલાં લોકોને ડમી કાર્ડ પધરાવ્યા છે તે બહાર આવી શકે તેમ છે

હિટ એન્ડ રન : ડીસામાં કારની ટકકરથી એક્ટિવા સવાર બે ઘવાયા



બનાસકાંઠા જિલ્લાના ડીસામાં સાંઇબાબા મંદિર આગળ ગઈકાલે બુધવારે મોડી રાત્રે હિટ એન્ડ રનની ઘટના બની હતી.જેમાં પૂરઝડપે આવી રહેલા કાર ચાલકે એક્ટિવા સવાર બે લોકોને ઉડાવી દેતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બે લોકોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે કાર ચાલક ઘટનાસ્થળે કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. ડીસાના રિસાલા ચોક પાસે આવેલા મહાવીર દર્શન ફ્લેટમાં રહેતા અશોકભાઈ શાહ અને જીતેન્દ્રભાઈ શાહ મોડી રાત્રે એક્ટિવા પર પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા અને સાંઇબાબા મંદિર પાસેથી પસાર થતા હતા. તે સમયે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી બલેનો કારના ચાલકે એક્ટિવાને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક્ટિવા સવાર બંને લોકો ફંગોળાઈને રોડ પર પટાકાયા હતા. ઘટનાને પગલે આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત બંને લોકોને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં બંનેની તબિયત નાજુક હોવાથી તેમને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત બાદ કાર ચાલક કાર મૂકીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.